# ગુજરાતી ભાષાને બચાવવાનો સમય પાકી ગયો છે

સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા માતૃભાષા વિરોધી લેવાયેલા નિર્ણય માટેનો લેખ વાચકોએ વાંચેલ. જેના અનુસંધાનમાં કેટલાક માતૃભાષાપ્રેમી વાચક મિત્રોએ પોતાના અભિપ્રાયો ઈમેલ દ્વારા આ લેખકને મોકલાવેલા. જે અહીં રજૂ કરું છું. જેથી સમાજ શું માને છે તેનો ખ્યાલ આમજનતા અને સરકારને આવે. પરિણામે આમજનતા અને સરકારે આ અંગે શું કરવું જોઈએ તેનું માર્ગદર્શન પણ મળી શકે તેમ છે. ટૂંકમાં ગુજરાતી માતૃભાષા અંગેની ચિંતા અને તેને બચાવવાના પ્રયત્નો અંગેની આ વાત છે.

એન્જિનિયરીંગનો એક વિદ્યાર્થી જણાવે છે કે, જાહેર કાર્યક્રમમાં કોઇ ગુજરાતી બોલે તો તેને મૂરખ માનવામાં આવે છે..કેટલાક લોકો એવું વર્તન કરે છે કે જાણે અંગ્રેજી વગર જીવવું શક્ય જ ન હોય. જો નાના બાળકને પ્રાથમિક શાળામાં માતૃભાષામાં શિક્ષણ ન મળે તો તેની સમજ શક્તિ અને ખીલવાની કુદરતી પ્રકૃતિ ઓછી થઇ જાય છે. મુસ્લિમ ભાઇઓ પાસેથી એક બાબત શીખવા જેવી છે, તે લોકો તેમના બાળકને પ્રગતિના નામે ઉર્દૂ શીખવવાનું નથી ચૂકતા. આપણે ગમે તેવા અંગ્રેજી થઈએ પણ સમજીએ છીએ ત્યારે તો “બે દૂને ચાર” જ  મગજમાં આવે છે. કારણકે માતૃભાષા શીખેલી ભાષા નથી પણ આવડતી ભાષા છે. મને છેલ્લે એક જ સવાલ થાય છે કે, લોકો અંગ્રેજીને ખૂબ જ મહત્ત્વ આપે છે, પણ ઝઘડો થાય ત્યારે કેમ “અસલ ગુજરાતી” થઈ જાય છે? સરકારને એના ફાયદા સિવાય કંઇ દેખાતું નથી, એટલે જ ગુજરાતીને બચાવવા નક્કર ઉપાય આપણે જાતે જ અમલમાં મૂકવા પડશે. લોકો એવું માને છે કે, અંગ્રેજી માધ્યમમાં ના ભણ્યા હોય તેમને આગળ જતાં ઉચ્ચ શિક્ષણમાં તકલીફ પડશે, પણ એવું નથી. જ્ઞાન એ કોઈ ભાષાનું મહેતાજ નથી. એન્જિનિયરીંગ શાખાનો આ વિદ્યાર્થી અંતે જણાવે છે કે, ગુજરાતી ભાષા બચાવવાની નથી, એને જીવતી અને જાગતી રાખવાની છે. ત્યારે સમાજના બાકીના સભ્યોએ પણ આ અંગે વિચારવાનું રહ્યું. માત્ર વિચવાથી પણ નહીં ચાલે, વિચારીને માતૃભાષા માટે જે યોગ્ય લાગે તે કરવાનું પણ છે.

નવસારીમાં અધ્યાપક તરીકે સરકારી નોકરી કરતા અધ્યાપક માતૃભાષા વિશે પોતાના વિચારો સરકાર સમક્ષ મૂકતા ગભરાય છે. તેમના મતે, આમ કરતાં તેમના વિચારો જો સરકારને ન ગમે અને તેઓ મારી સામે તપાસ કરાવે તો ?(સરકારની આ છબી? તે પણ સરકારી અધ્યાપકના મનમાં?)આ અધ્યાપકશ્રીના મતે, ભારતના અન્ય રાજ્યોમાંથી આવીને વસેલા ઘણાં લોકો ઉચ્ચ દરજ્જા પર છે. જેઓ હિન્દીનો ઉપયોગ કરે જ છે. આજે ગુજરાતમાં જ દિનપ્રતિદિન ગુજરાતીનો ઉપયોગ ઘટતો જાય છે. જ્યારે તામિલનાડુમાં “તમિલ” અને મહારાષ્ટ્રમાં “મરાઠી”નો ઉપયોગ વધતો જાય છે.

લુણાવાડાનો એક વિદ્યાર્થી જે હિન્દી વિષય સાથે ટેટની પરીક્ષામાં બેઠલ હતો. જે નાપાસ થતાં તેને પોતાની સાથે અન્યાય થયો હોય તેમ લાગે છે. તેના મતે ટેટની પરીક્ષામાં માત્ર અંગ્રેજીને મહત્ત્વ ન આપતાં દરેક ભાષાને સરખું મહત્ત્વ આપ્યું હોત તો તે અવશ્ય પણે સારા ગુણ સાથે પોતે પાસ થયો હોત. હવે મારી આશા પર પાણી ફરી વળ્યું છે. અમારી આ વ્યથાને અમારી સાથે રમતો રમતા લોકોના કાન સુધી પહોંચાડવાનું કામ સમાચારપત્રો જ કરે છે. દરરોજ નવાનવા નિર્ણયો બદલતી સરકારને કલમ અને અખબારો જ પાઠ ભણાવી શકે છે.

કમ્પ્યૂટરના એક ઇજનેરને એ વાતનું દુ:ખ છે કે, ગુજરાતી ભાષા ધીમે ધીમે લૂપ્ત થતી જાય છે. જેને બચાવવા શિક્ષિત લોકોએ પહેલ કરવી જોઇએ, તો જ એ શક્ય બનશે. જ્યારે દરેક ગુજરાતી પોતાના મનમાં માતૃભાષા પ્રત્યે આપમેળે લાગણી જન્માવે. બસ હવે એ જ દિવસની રાહ જોવાની રહી.

ગુજરાતની ખૂબ જ પ્રખ્યાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરના મતે, અત્યારે ગુજરાતી ભાષાનો જે રીતે ખુદડો બોલાવવામાં આવી રહ્યો છે, તે જોતાં તેને બચાવવાનો અત્યારે ખરો સમય છે. જો આ

સમયગાળામાં આપણે ગુજરાતી માટે કામ નહીં કરીએ તો પછી ખૂબ જ મોડું થઇ ગયું હશે અને પછી ઘણાં મોટા પ્રયત્ન કરીશું તો પણ ધાર્યું ફળ નહીં જ મળે.

એક મિત્રએ તો વળી ગુસ્સા સાથે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં જેમ ભાષા માટે આંદોલન થયું તેમ ગુજરાતમાં પણ તેવા આંદોલનની સરકાર રાહ જૂએ છે ? સલાહ આપતા પોતાનો મત વ્યક્ત કરતા તે ભાઇ કહે છે કે, સરકારે તો સમાજ માટે વડિલની ભૂમિકા ભજવવાની હોય. અત્યારે ગુજરાત સરકાર માતૃભાષા માટે શું પ્રયત્ન કરી રહી છે? હકીકતમાં સરકાર ઘણાં પ્રોજેક્ટ પાછળ લાખો-કરોડો રૂપિયા ખર્ચે જ છે તો એક નવો પ્રોજેક્ટ માતૃભાષાના બચાવ માટે કેમ ના કરી શકે ? ચિલ્ડ્રન યુનિવર્સિટી કે ટિચર્સ યુનિવર્સિટીની સ્થાપના થતી હોય કે સ્કોપનો પ્રોજેક્ટ ચાલતો હોય તો માતૃભાષા માટે પણ એક સંસ્થા ઊભી કરી શકાય કે જે માતૃભાષા માટે જ કામ કરે.

બી.એડ્.ની તાલીમ અંગ્રેજી વિષય સાથે લીધા પછી એક વિદ્યાર્થી જણાવે છે કે, સરકારે પ્રાથમિક શાળામાં અવશ્યપણે દરેક ભાષાના શિક્ષકોની ભરતી કરવી જોઇએ. તેના મતે ગુજરાતી ભાષા અત્યારે મરણ પથારી પર છે. તે માટે આપણે બધાએ ઊંડું ચિંતન કરીને તેને બચાવવાના પ્રયત્ન કરવા જોઇએ.

ટૂંકો સાર એ જ છે કે, સરકારના નિર્ણયો ભવિષ્યના સમાજ માટે ખૂબ જ અગત્યના થઇ પડે છે. સરકારના નિર્ણયો ભવિષ્યના સમાજ માટે ઉપકારક સાબિત થાય તેવા હોવા જોઇએ. જો સરકાર આ અંગે લાપરવાહી દાખવતી હોય તો સમાજે સરકારનું ધ્યાન દોરવું જોઇએ. જે દરેક નાગરિકની ફરજ છે અને સરકારે તે પ્રમાણે પોતાના નિર્ણયો બદલવા જોઇએ જે પણ સરકારની ફરજ છે. જો સમાજની માન્યતાથી સરકાર અસહમત હોય તો તેના કારણો અને ભવિષ્યનો વ્યૂહ સમાજ સામે રજૂ કરવો જોઇએ. આમ સમાજ અને સરકાર એકબીજાની સાથે રહીને કામ કરશે તો જ વિકાસના પંથે આગળ વધી શકાશે.અત્યારે તો સમાજની માંગ છે કે, સરકારે પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં માત્ર અંગ્રેજીના શિક્ષકોની જ ભરતી થાય તેવો વ્યૂહ રચેલ છે તેમાંથી બહાર નીકળીને માતૃભાષા ગુજરાતી તથા રાષ્ટ્રીય ભાષા હિન્દીને પણ મહત્ત્વ મળે તેવો વ્યૂહ અપનાવવો જોઇએ. જો યુનેસ્કો જુદી જુદી ભાષાની ચિંતા કરતું હોય તો જેની માતૃભાષા ગુજરાતી છે તે સરકાર અને સમાજે તેની ચિંતા નહીં કરવાની ? હકીકતમાં યુનેસ્કોએ તો ચેતવણી આપી દીધી છે કે ગુજરાતી ભાષા લૂપ્ત થવાના માર્ગ પર છે. હવે શું કરવું તે ગુજરાતની પ્રજા અને સરકારે જોવાનું છે. માતૃભાષાનું કોઇપણ વ્યક્તિના જીવનમાં કેટલું મહત્ત્વ છે તે સૌ જાણે જ છે જેથી તેનું અહીં પુનરાવર્તન કરવાની જરૂર લાગતી નથી. હકીકતમાં વિચાર અને વર્તનમાં સામ્યતા લાવવાની જરૂર છે. આજે સરકાર અને સમાજ બંનેને ગુજરાત અને ગુજરાતી ભાષા માટે ગૌરવ છે, પણ વર્તન તેનાથી જુદાં દેખાઇ આવે છે. જો અત્યારે સમાજ અને સરકાર માતૃભાષા માટે જાગૃત બનીને યોગ્ય વિચારણા કરીને ચોક્કસ ઉપાયો નહીં કરે તો ગુજરાતી ભાષા ઝડપથી નામશેષ થશે. તે માટે આજનો સમાજ અને આજની સરકાર જ જવાબદાર હશે. જેને ભૂતકાળની અને ભવિષ્યની ગુજરાતી પેઢી કદાપિ માફ નહીં જ કરે.

**dr.ashokpatel@in.com**